Extra No. 124

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JUNE 22, 2026 / ASHADHA 1, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જૂન, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ -ના તારીખઃ ૧૪મી મે, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક. જી/પીટી/૨૦૨૬/૧૧/પીટીડી/એમવીડી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૬/૦૩૯૪/ખ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Under

Motor Vehicles Act, 1988

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૬

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક. જી/પીટી/૨૦૨૬/૧૧/પીટીડી/એમવીડી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૬/૦૩૯૪/ખ: મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના અધિનિયમ ક્રમાંકઃ ૫૯મા) ની કલમ ૬૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ઘ)ના પેટા-ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (ઘ)ની જોગવાઈઓને લક્ષમાં લઈને, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવે તે રીતે, નીચેની બોલીઓ અને શરતોને અધીન રહીને, આ જાહેરનામા સાથે જોડેલી (અનુસૂચિના) કોલમ (૨) અને (૩)માં નિર્દિષ્ટ કરેલા નવસારી મહાનગરપાલિકાના વિસ્તારોમાં ફરતા સ્ટેજ કેરેજ નવસારી મહાનગરપાલિકા, નવસારી માટે, ભાડાં અને નૂરના દર નક્કી કરવા સંબંધી, રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને અને સંબંધિત પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને, આથી, આદેશો આપે છેઃ-

૧. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧) અને (૨) માં અનુક્રમે, નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં અને રૂટો પર ફરતા સ્ટેજ કેરેજો માટેના તત્સમયે અમલમાં હોય તેવા ગુજરાત મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) હેઠળ લીધેલા અથવા લેવાપાત્ર ઉતારુ (વેરાની રકમ, હોય તો, તે સહિતના) ભાડાં અને નૂર, સદરહુ અનુસૂચિના અનુક્રમે કોલમ (૩) માં, તેમની સામે નિર્દિષ્ટ કર્યા હોય તેવા ભાડાં અને નૂરના વધુમાં વધુ દરને અધીન રહેશે;

૨. વિદ્યાર્થીએ કરેલી કોઈ મુસાફરીના કિસ્સામાં, આવો કોઈ વેરો લેવાપાત્ર ન હોય, તો આવી મુસાફરી માટેના ભાડાં એવી રીતે સરભર કરવામાં આવશે, કે જેથી આવા વેરાની રકમ તેમાંથી બાદ કરી શકાય.

૩. અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો પ્રમાણેની સ્ટેજ કેરેજ પરમિટની બોલીઓ અને શરતો સ્ટેજ કેરેજ ઓપરેટરને બંધનકર્તા રહેશે. આવા ભંગના કિસ્સામાં, મંજૂર કરેલી સ્ટેજ કેરેજ પરમિટ મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૮૬ હેઠળ મોકૂફ અથવા રદ થવાને પાત્ર થશે.

અનુસૂચિ

વિસ્તાર	**રૂટ**	**(ઉતારુ વેરા સહિત) વધુમાં વધુ ભાડું અને નૂર**		
(૧)	(૨)	(૩)		
જ્યાં સ્ટેજ કેરેજો (શહેરી ઉતારુ બસ સેવા) ચલાવાતા હોય તેવા વધુમાં વધુ ૧૫ (પંદર) કિલોમીટરની હદ સુધીના મંજૂર કરાયેલા રૂટ ધરાવતા નવસારી મહાનગર પાલિકાના વિસ્તારો.	ગુજરાત મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩ની જોગવાઈ હેઠળ મંજૂર કરેલા નવસારી મહાનગરપાલિકાના વિસ્તારો અને લગોલગના વિસ્તારમાં સેવા પૂરી પાડવામાં આવતી હોય તેવા રૂટ.	**અંતર કિલોમીટર**	**ભાડું (રૂ.)**	**નૂર (રૂ.)**
		૦-૦૨	૦૭.૦૦	૦૭.૦૦
		૦૨-૦૪	૦૯.૦૦	૦૯.૦૦
		૦૪-૦૬	૧૧.૦૦	૦૯.૦૦
		૦૬-૦૮	૧૩.૦૦	૧૧.૦૦
		૦૮-૧૦	૧૫.૦૦	૧૧.૦૦
		૧૦-૧૨	૧૭.૦૦	૧૧.૦૦
		૧૨-૧૪	૧૯.૦૦	૧૧.૦૦
		૧૪-૧૬	૨૦.૦૦	૧૧.૦૦

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. બી. કંથારીયા,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.11 12:17:24 IST